ભયંકર

મરકીના ગાયન.

રચનાર.

ઠક્કર લલુભાઈ ફકીરભાઈ

ભજીઆવાળા,

ઠા० બરાનપુરી ભાગળ સુરત.

પ્રસિદ્ધ કરનારે.

ડા. વીઠ્ઠલદાસ ભગવાનદાસ

આવૃતિ ૧લી   પ્રત ૨૦૦૦

કીમત દોઢ આનો.

સુરત વિક્ટોરીયા પ્રેસમાં મગનલાલ કીકાભાઈએ છાપ્યા.

ભયંકર મરકીના ગાયનો

૧ રાગ મ્હા કોપ થયો કળી કાળમાંજો.

જુલમ વરત્યો મરકીનો શુરત સેહેરમાંજો.
આવી પહોંચી માછલીપીઠ પહેલમાંજો. ટેક.
શુરત કહાવતું શોનાની મુરત આગળે જો
હતા લોકો શ્રીમંત બહુ તે સમે જો. જુ. ૧
ઘણા ધનથી ભરેલા હતા ભોંયરા જો.
હતા કિમતી પોશાક ઘણા ધોયલા જો. જુ. ૨
ધીમે ધીમે તે શહેરમાં ચાલી જો.
ગોલા ઘાંચીનો આણ્યો પારજો. જુ. ૩
શહેર ઘણા તે ઉજડ કરીયા જો.
વળી ઉજડ વંન વસાવીઆ જો. જુ. ૪

---

૨. રાગ. પ્રીચ રાઠોડ નરવર શુર રાખો શુદ્દીલ ખોટી

ખટક. ખટક. ખટક.

મરકીએ કર્યો કેર ગળ્યા સૌ ગટક, ગટક, ગટક.
શોક વાપ્યો સકને ઘેર રૂવે સઉ ધળક. ધળક. ધળક.
જાણું તને સૌ સાપણી પાપણી તારામાં છે કપટ.
ધીમે રહી એક ઘરમાં પેસે તેનું થાય સપટ.
ભુંડી મરકી ક્યાંથી આવી શુરતમાં તું ઝપટ ઝપટ ઝપટ.

---

૩. રાગ કોઇ હાલ કહે. જાકે

હરી મારી ગતી આશી, ગયું સુખ સાગર નહાશી. ટેક.
હું શું જાણું આવું થાશે ઉગમતે પ્રભાત
ગયો કયાં પ્યારો મારો ભ્રાત, છોડી મુજ હાથ.
કરતો શુખ વાત. હરી.
નાના મ્હારી આશા સૌએ મરકીએ રાખી મન.
બળે દીલ બધે અગન. જલે છે તન દુખ અનંત હરી

---

૪. રાગ ગિરધારીરે વાત કહું તે વીચારો.

શુરત શહેરનીરે દશા થઈ છે નઠારી.
લો સુરતનું હીત વીચારી.
એને રેલ તણો ભય ભારીરે.
વળી આગથી બની લાચારીરે,
ઘટયા વેપારીરે દશા થઈ છે નઠારી. લો. ૧
તેમા મરકી બાઇ પધારીરે
નહી વેપાર નામે કાંઈરે.
દુખડા ભારીરે દશા થઇ છે નઠારી. લો. ૨
ગએ વરસે તે સંધસ હતુંરે.
વળી આ વરસ મળ્યું જતુરે.
આપ લ્યો વિચારીરે દશા થઇ છે નઠારી. લો ૩
સૌ કર જોડી શાથે કહે છેરે.
પ્રભુ ઉપર શ્રધા રહે છેરે.
લલુના લાલ બલીહારીરે દશા થઇ છે નઠારી. લો ૪.

૫. રાગ વણઝારાનો

એક સ્ત્રી મરી જવાથી તેણીના ધણીનો કલપાંત

સફેરચંદ કહે છે આ નારીરે
કેમ ઘરણી હુળી મુજ પ્યારીરે.
શું થયું તુજને આ નારીરે.
દગો દીધો મુજને મુજ પ્યારી.
તારે મરવું હતું આ નારીરે.
તારે પરણવું નહોતુ મુજ પ્યારીરે.
ડગો દઈને તું ગઈ આ નારીરે
મારી શી દશા થસે મુજ પ્યારી
તું ગઈ ભવસાગર તરી આ નારીરે.
હું પાપી રહ્યો છું હઇ મુજ પ્યારી રે.

૬, રાગ છોરી બ્રામણુકી.

એક છોકરો મરી જવાથી તેની બેનનો બળાપો.

થયો કેર હરી થયો કેર હરી બંધુ વીયોગે આવું મરી.
રૂપાળો મારો ને રૂપાળો પ્રાણથી પ્યારો ભ્રાંત
મારા કુળમાં દીવો હતો એ જોઇ થાતી સાંત
સાસરવાસો સારો કરવાનો હતો એને ઉમંગ
હતું તેના મનમાં તે તો થયો શો ભંગ. થયો ૨.
બહન બહેન કરી કરી મુજને નીત્યે દેતો બહુ માન.
ભૂલે ચુકે મુજને દેતો કદી નહી અપમાન થયો. ૩

---

૭ રાગ હાય છેક બની નિરાધાર.

માત પિતાના વિજોગથી એ બંધુનો વિલાપ.

હાય છેક બન્યા લાચાર
માત પીતાથી પડયા છુટા હમો એ રંક બાળ.
દુઃખ દરીયામાં આવી પડયા કોણ કરે સંભાળ
નથી કોઇ તણો આધાર હાય, હાય, હાય,
લાડ પાડ કરવા હવે જઇએ કોની પાસ
કોણ પિત લે ચુંબી ધરી મન ઉલ્લાસ.
પ્રભુ બન્યા નિરાધાર અંતે તો લાચાર હાય હાય હાય
છેક ૧.

ભુખે તરસે તળવળી તજવાં પડસે પ્રાણ.
મરકી બાઇએ કેર કીધો કાડયો સઉનો ઘાણ
નથી કોઇ દાતાર કે કરે નિત્ય સંભાળ હાય હાય હાય
હાય છેક ૨.

---

૮ રાગ ભરથરી ભ્રાત વિચારીને કરો હમપર કોપ

એક મીત્રને મરતી વખતે તેનો મીત્ર મળવાને આવે છે
ત્યારે મીત્ર ઇસારતથી કહે છે—

પ્યારા મીત્ર તમને સરવેને નમું વારંમવાર
બહુ સ્નેહ થકી (૨) ભણ્યા આપણે સાથ.
સ્નેહ તમારો બહુ હતો રાખતા જે મુજપર હાથ.
નવ બુદ્ધિ કસી (૨) તમે છો ગુણના ભંડાર
પણ વધુ ધીરજ ધારીને સુણજો સેવક ઉચ્ચાર
તમે ગુણ કર્યા (૨) મમથી બદલો ન અપાયો
સર્વે માફ કરશો તમો જે સ્વારથ મહી લોભાયો
નવ વહી સકુ (૨) પ્રેમનો ભાર અપાર.

છેવટ મળ્યા આપણે પછી થઇશ બળીને ખાખ:
પોતીકા સગાવહાલાને હાથ કરી કહે છે—
નવ ચિંત્યા કરો (૨) ધીરજ તમે મનમાં ધારો
ભુંડી મરકી કોપી ઘણી નહી ઉપાય મળે તમારો
હવે રામ રામ (૨) છેલ્લા છે માત્રો તમને
લખ્યુ વિધાત્રા લેખમા જે દોષ ન દેશો હમને

(૯) રાગ પ્રભુ મારી રાણુકી રૂડીરે પહેરે શુનાની ચુડીરે
બોલો સઉ ધીરજ ધારીરે પ્રભુનુ નામ ઉચ્ચારોરે
મોહ જાળ આ જગતને જાણો મનમાં ન આણો દુ:ખ
હું જાઉંછું દુનીઆ તજી બંધુ નવ ઉતારો મુખ ટેક
દુરગુણ મુજથી અથાગ થઆ હશે થયા હશે અવીવેક
ચરણે પડી સઉને કહયું આશામે માફી આપશો એક
એક બો ૧
મુજ દીલમા હુશારી રીતે જાણુ ખેદ થઆહશો માત તાત
હાય કાળ ચકકરને કોઇ જીતે નહી નીશ્ચે જવુ છે
શાક્ષાત બો ૨
માટે ભલા ભાઇ શોક ન ધરશો થવાનું તેતો થાઅ
કહે લલુ એવું મેહેમાન આવીઓ એમ રામજી
રેહો રહેવાય બો ૩
પ્રભુ પ્રભુ ભજો મારા ભાઇ રામનું રૂડુ નામ
આત્મ ઉદ્ધારણ તેવીના નથીરામ બોલો ભાઇ રામ બો ૪

પુત્ર ના મરણુથી માત પીતાનો વિલાપ
ફુટયા કીસ્મત હમારારે જીવીત આછે શરવે ખારારે
છાંડી ચાળ્યો આમ અરેતું આવશુ તારી શંઘાત

ડગોરે પુત્ર આમ ડગો ન કરીએ ઘરડાનો જાડીએ હાથ પુ ૫
નાને થી તુજને મોટો કીધો કપટ કરી થયો ક્યાં દુર
પુત્ર મારા આંખો ખોળી જોતું આખમા આશુ
ડાનીં પુર પુ ૬
આપ્યા વિલાપ કરે સઉ જોઇ કેમ તો છે ધાર
પુત્ર નમેરા આમના થઇએ થોડુ બોલો હુમારા વીર પુ ૭

૧૦ રાગ સદાઅર દુખ સું દાખવું

શોક નકરશો માવડી થવાનું તેતો થાય
સંબંધ એટલો આપણો જનમ્યું તે સઉ જાય સોક
મોહુ બધંન છે આ જગતમાં ખાલી કરવો સો શોક
કોઇ કાંઇને નવ લેખવું આ સંસાર નુ રે લોક સોક
માત પીતા નહીં વીસરે વીસારૂં હું તાય.
આમ થયું મારે ચાલવું શોક ન કરસો કોય સોક
સુખ દુખના સાથી છે. તેમાં નહી નવાઇ.
દીલગીરી મને થાય છે ગભરાઇ ગભરાઈ સોક.
બંધુ તું સોક કરીશમાં યાદ રાખજો આવાર
ધારો થઈ ધીરજ દેજે રૂવે છે વાહાલી માત શોક

૧૧ રાગ મરસીઆનો

હોય હાયરે ફાટયું નહી ચીત મારૂ ર)
આ જગત લાગે છે ખારૂરે હાય.
કાળો કેર તેં તો કીધો.
પુત્રે સંસાર લાહવો નવ લીધો
ખરે ઝેર પ્યાલો પાઇ ને પીધો રે હાય
પુત્ર મુખ ક્યારે હું નીહાળું

મારૂ કાળજુ નકી હું હાડુ
આ અવનીમાં છે સરવે અકારૂ રે હાય
છાતી બળીને રાખ થઇ છે.
પ્રભુ બુરી દશા આકરી છે
નબલી વાડીમાં વીછી પડી છે
હાય હાય હવે તે કેમજ કરીએ.
ભાંગી હોડીને કેમ કરી તરીએ
કયાં નાસીને હમે ઠરીએ રે હાય
ધીક ધીકછે આંખો મારી
વીભુ કરીછે રીત નઠારી
તાત મુકીને પુત્ર જાય વારી રે હાય

૧૨ રાગ પદનો

સજન સજી સોકો મુવા પાછલ નવરોવું
કદીક મનમાં ખેદ થાયતો શાસ્ત્ર પુરાણે જોવું સજન
પાણી ખારા લાવી આંખમાં સીદ કરો નવાઇ
રડવુ કુટવુ તાણી તાણી ખોટી કરો ભવાઇ સજન
ધબ ધબ ધબ છાતી કુટી માથુ ભોય પછાડો
જંગલીઆની જાત પ્રમાણે વલી રાગડા તાણો સજન
પડે માર મરનાર ધનીને આંખનું નીરજ છુટે
વેદ પુરાણે એમજ કેછે ભોગવવાનુ જીવે સજન
કદીક વાલો હોય મરનારો પીડા તેની જાની
વાલા પુઠે કદી ન રોવું રાગડો તાણી માણી સજન

સમાપ્ત.